# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૩૭ | ૮ નવેમ્બર, ૨૦૧૩, શુક્રવાર; કારતક સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# વાતાવરણ પલ્ટાતા ખેડૂતોમાં ઘેરી ચિંતા

## રવિસીઝનની વાવણીમાં એકાદ સપ્તાહનો વિલંબ થવાના સંકેતો : મહેસાણા, બહુચરાજી અને કચ્છમાં હળવો વરસાદ

ગાંધીનગર, તા. ૭

હવામાનમાં સર્જાયેલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ઉત્તર ગુજરાતના મહેસાણાથી કચ્છ વિસ્તારમાં અપર લૉ સીસ્ટમ ડેવલપ થતાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે અને વાદળછાયુ વાતાવરણ બનવા પામ્યું છે. અપર લૉ સીસ્ટમને કારણે મહેસાણા, બહુચરાજી અને કચ્છના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પણ થવા પામ્યો છે. હવામાન ખાતાના સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ આ વાદળછાયુ વાતાવરણ હજુ એકાદ દિવસ સુધી જોવા મળશે.

વાતાવરણમાં આવેલા આ એકાએક પલ્ટાને કારણે રવિ સીઝનની વાવણીમાં એકાદ સપ્તાહનો વિલંબ થશે તેમ પણ મનાઈ રહ્યું છે. રવિ સીઝનની વાવણીની કામગીરીમાં પરોવાયેલા ખેડૂતો વાતાવરણમાં આવેલા પલ્ટાથી ચિંતીત બન્યા છે અને તેથી જ વાવણીની કામગીરીમાં એકાદ સપ્તાહનો વિલંબ થશે. મળતી વિગતો મુજબ ગઈકાલ સાંજથી વાતાવરણમાં આવેલા પલ્ટાને કારણે રાજ્યના ઘણા બધા જિલ્લાઓમાં ઝાકળ પણ પડ્યું હતું.

વાવણી માટે આ વાતાવરણ અનુકૂળ ન હોવાનું જણાવતાં ખેડૂતોએ તેમની તૈયારી થોડીક ધીમી કરી દીધી છે. જો કે બે દિવસ બાદ વાતાવરણ સ્વચ્છ થતાં જ વાવણીનો આરંભ થશે તેમ મનાઈ રહ્યું છે. ખાસ કરીને જીરૂ, રાયડો અને અન્ય રવિપાકોની વાવણીમાં વિલંબ જોવા મળશે.

વાતાવરણમાં જે પલ્ટો આવ્યો છે તેને કારણે આ વખતે ઠંડીનો આરંભ પણ એકાદ સપ્તાહમાં જ શરૂ થઈ જશે. આ વખતે ઠંડીનું જોર વધતાં ઘઉંના વાવેતર વિસ્તારમાં વધારો થતો જોવા મળશે. તેમ કૃષિક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે. એરંડાના પાકનું વાવેતર પણ સારૂ એવું થવા પામ્યું છે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં પણ ઘઉ અને અન્ય રવિપાકોની વાવણી માટેની તૈયારીઓ ખેડૂતોએ કરી લીધી છે. જિલ્લામાં આ વર્ષે રવિ સીઝનમાં પાછોતરો વરસાદ સારો થયો હોવાથી ૬૪ હજાર હેક્ટરમાં વાવેતર થવાના અંદાજો છે. જિલ્લામાં ઘઉંનું વાવેતર વિક્રમી થશે તેમ મનાઈ રહ્યું છે. આ ઉપરાંત શાકભાજી અને અન્ય પાકોનું વાવેતર પણ સારૂ એવું થશે તેવો વિશ્વાસ ખેતીવાડી વિભાગના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. સીઝનના આરંભે જ વાતાવરણમાં આવેલા બદલાવને કારણે ખેડૂતો ચિંતીત જરૂર બન્યા છે પણ વાવેતર સારૂ થશે તેમ ખેડૂતોની ચર્ચામાંથી પણ સાંભળવા મળ્યું છે.


LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

મલ્ટીનેશનલ
કંપની દ્વારા
ઘરેથી કામ કરવા માટે
રૂબરૂ મળો : એમ. ઠક્કર
99981 82092
99044 25833





